Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૯૭૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૨/૦૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

/- આ સાથે સામેલ પત્ર જાણ અને અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-14/12/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય : શિષ્યવૃત્તિ ફેલોશિપનાં ફોર્મ ઓનલાઈન ભરવા બાબત (સને.૨૦૨૩-૨૪)
સંદર્ભ:- 1. શિક્ષણ વિભાગના તા.**18/08/2017**નો ઠરાવ ક્રમાંક એસસીએચ/**1116/539**/છ
2. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક હ-2/સ્કો/2023/1436 તા.11/12/2023.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માર્ચ.2023મા ધોરણ-10 ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70% કે તેથી વધુ ગુણ મેળવનાર વિધાર્થીઓને ચાલુ વર્ષમાં ફેલોશિપ શિષ્યવૃતિ યોજના હેઠળ શિષ્યવૃતિ મળવાપાત્ર થાય છે. અગાઉના વર્ષોમાં આવા વિધાર્થીઓને શિષ્યવૃતિ મળી રહે તે માટે આપની કચેરી તરફથી ફોર્મ છપાવીને જે તે લાગુ પડતી શાળાઓને બારોબાર મોકલી આપવામાં આવતા હતા.

સરકારશ્રી તરફથી શિષ્યવૃતિ મેળવવા માટે સને.2017-18ના વર્ષથી ડીઝીટલ પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે. વર્ષ 2022-23ના વર્ષમાં ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવેલ હતી અને શિષ્યવૃતિ ચૂકવવામાં આવેલ હતી.

આ શિષ્યવૃતિ માટે હવે ચાલુ વર્ષ સને.2023-24માં માત્ર ઓનલાઇન મંગાવવાની થાય છે. જેથી સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ ઉપર વિધાર્થીઓ નીચે જણાવ્યા મુજબ ઓનલાઇન અરજીઓ કરી શકે તે હેતુથી માર્ચ-2023માં ધોરણ-10 (એસ.એસ.સી.)માં 70% કે વધુ ગુણ મેળવેલ વિધાર્થીઓને/સબંધિત શાળાઓને જણાવવામાં આવે છે.જેનું વેબએડ્રેસ : http://www.digitalgujarat.gov.in છે.

સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં અને માર્ચ.2023 ધોરણ-10 ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70% કે તેથી વધુ ગુણ મેળવનાર વિધાર્થીઓને ધોરણ-11 માં ચાલુ વર્ષમાં ફેલોશિપ શિષ્યવૃતિ મેળવવા માટેના ફોર્મ ભરવાના થાય છે. તે માટે નીચે મુજબની વિગતો ધ્યાને લઈને ઓન લાઈન ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

(1) આ સાથેની યાદી મુજબના આપની શાળાના માર્ચ.2023 ધોરણ-10ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70 ટકા તે તેથી વધુ ગુણ મેળવનાર તમામ કેટેગરીના વિધાર્થી કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂા.2,50,000/- કે તેના કરતાં ઓછી છે તેઓના મળવાપાત્ર થાય છે.

(2) કેટેગરી વાઈઝ મેરીટ પ્રમાણે આ યોજના માટે સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ સંખ્યાની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(3) આ યોજના હેઠળ વિધાર્થીને માધ્યમિક કક્ષાએ વાર્ષિક રૂા.2000, સ્નાતક કક્ષાએ રૂા.3,000 અને અનુસ્નાતક કક્ષાએ રૂા.5,000 મળવાપાત્ર થશે.

(4) આ યોજના હેઠળ રાજ્ય કક્ષાએ શિષ્યવૃતિ કુલ-1400 બેઠકો નક્કી થયેલ છે. આ 1400 બેઠકોમાં તમામ કેટેગરી વાઈઝ મેરીટમાં આવતા વિધાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે અને મેરીટમાં નહી આવનાર વિધાર્થીઓની અરજીઓ રિજેક્ટ કરીને તેઓના રજિસ્ટર્ડ મોબાઇલ ઉપર મેસેજ કરવામાં આવશે. જેના આધારે જે- તે વિધાર્થી અન્ય કોઈ શિષ્યવૃતિ મેળવવા માટે અરજી કરી શકશે.

(5) મોબાઈલ નંબર રજિસ્ટર્ડ કરવા માટે વિધાર્થીએ પોતાના મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે. આ શિષ્યવૃતિ મેળવવા માટે સરકારશ્રીની સૂચના મુજબ દરેક વિદ્યાર્થીએ આ માટેના પોર્ટલ પર માત્ર ઓન લાઈન અરજી કરવાની રહેશે. આ અંગેનો પોર્ટલ પર માત્ર ઓનલાઇન અરજી કરવા માટેનું એડ્રેસ નીચે મુજબ છે. આપની શાળામાંથી ધો-10 પાસ કરીને કોઈ વિધાર્થી અન્ય કોઈ શાળામાં અભ્યાસ માટે ગયેલ હોય તો તેની તપાસ કરીને તે શાળાને પણ જણાવવાનું રહેશે.

વેબ સાઈટ http://www.digitalgujarat.gov.inના home page ઉપરના click for new Registration (Citizen) લાલ કલરના બોક્ષ પર કલીક કરીને રજીસ્ટ્રેશન કરાવીને પોતાની પર્સનલ વિગતો ભરવાની રહેશે, તે SAVE કરીને, ત્યાર બાદ OTP ના આધારે વેરીફાઈ કરીને Scholarship પસંદ કરીને ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મની તમામ વિગતો ભરાયા. બાદ જરૂરી તમામ આધારો (ડોક્યુમેન્ટ) એટેચ કરીને ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

સદર પોર્ટલ ઉપર અરજીની સાથે ધોરણ-10 ની માર્કશીટ, આવકનો દાખલો, જાતિ અંગેનું પ્રમાણપત્ર, ફી ભર્યાની રસીદ,આધાર કાર્ડ, બેન્ક પાસબુક વગેરે સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. તે માટે ફોર્મ ભરતા પગેલાં વિધાર્થીએ સદર પોર્ટલ ઉપર યોજનાની વિગતો જોઈ લેવાની રહેશે.

સદર પોર્ટલ ઓપન કરવામાં આવેલ છે તથા તમામ સૂચનાઓ ડિઝીટલ ગુજરાત પોર્ટલ પર આપવામાં આવેલ છે. જેથી નિયત સમય મર્યાદામાં પોતાની શાળાના સબંધિત વિધાર્થીઓના ફોર્મ ભરાઈ જાય તેની શાળાના આચાર્યશ્રીએ તકેદારી રાખવાની રહેશે.

સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં અને માર્ચ.2023 ધોરણ-10 ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70% કે તેથી વધુ ગુણ મેળવનાર વિધાર્થીઓને ધોરણ-11 માં ચાલુ વર્ષમાં ફેલોશિપ શિષ્યવૃતિ મેળવવા માટેના ફોર્મ ભરવાના થાય છે. તે માટે નીચે મુજબની વિગતો ધ્યાને લઈને ઓન લાઈન ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

(૧) આ સાથેની યાદી મુજબની આપના તાબા હેઠળની તમામ શાળાઓને માર્ચ.2023 ધોરણ-10ની એસ.એસ.સી.ની પરીક્ષામાં 70 ટકા તે તેથી વધુ ગુણ મેળવનાર તમામ કેટેગરીના વિધાર્થી કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂા. 2,50,000/- કે તેના કરતાં ઓછી છે તેઓને મળવાપાત્ર થાય છે.

(૨) કેટેગરી વાઇઝ મેરીટ પ્રમાણે આ યોજના માટે સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ સંખ્યાની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(૩) આ યોજના હેઠળ વિધાર્થીને માધ્યમિક કક્ષાએ વાર્ષિક રૂા.2000, સ્નાતક કક્ષાએ રૂા.3,000 અને અનુસ્નાતક કક્ષાએ રૂા.5,000 મળવાપાત્ર થશે.

(૪) આ યોજના હેઠળ રાજ્ય કક્ષાએ શિષ્યવૃતિ કુલ-1400 બેઠકો નક્કી થયેલ છે. આ 1400 બેઠકોમાં તમામ કેટેગરી વાઈઝ મેરીટમાં આવતા વિધાર્થીઓને શિષ્યવૃતિ ચુકવવામાં આવશે અને મેરીટમાં નહી આવનાર વિદ્યાર્થીઓની અરજીઓ રિજેક્ટ કરીને તેઓના રજિસ્ટર્ડ મોબાઇલ ઉપર મેસેજ કરવામાં આવશે. જેના આધારે જે- તે વિધાર્થી અન્ય કોઈ શિષ્યવૃતિ મેળવવા માટે અરજી કરી શકશે.

(૫) મોબાઈલ નંબર રજિસ્ટર્ડ કરવા માટે વિધાર્થીએ પોતાના મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે. આ શિષ્યવૃતિ મેળવવા માટે સરકારશ્રીની સૂચના મુજબ દરેક વિદ્યાર્થીએ આ માટેના પોર્ટલ પર માત્ર ઓન લાઈન અરજી કરવાની રહેશે. આ અંગેનો પોર્ટલ પર માત્ર ઓનલાઇન અરજી કરવા માટેનું એડ્રેસ નીચે મુજબ છે. આપની શાળામાંથી ધો-10 પાસ કરીને કોઈ વિધાર્થી અન્ય કોઈ શાળામાં અભ્યાસ માટે ગયેલ હોય તો તેની તપાસ કરીને તે શાળાને પણ જણાવવાનું રહેશે.

વેબ સાઈટ http://www.digitalgujarat.gov.inની home page ઉપરના click for new Registration (Citizen) લાલ કલરના બોક્ષ પર ક્લિક કરીને રજીસ્ટ્રેશન કરાવીને પોતાની પર્સનલ વિગતો ભરવાની રહેશે, તે SAVE કરીને, ત્યાર બાદ OTP ના આધારે વેરીફાઈ કરીને Scholarship પસંદ કરીને ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મની તમામ વિગતો ભરાયા. બાદ જરૂરી તમામ આધારો (ડોક્યુમેન્ટ) એટેચ કરીને ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

સદર પોર્ટલ ઉપર અરજીની સાથે ધોરણ-10 ની માર્કશીટ, આવકનો દાખલો, જાતિ અંગેનું પ્રમાણપત્ર, ફી ભર્યાની રસીદ,આધાર કાર્ડ, બેન્ક પાસબુક વગેરે સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. તે માટે ફોર્મ ભરતા પહેલા વિધાર્થીએ સદર પોર્ટલ ઉપર યોજનાની વિગતો જોઈ લેવાની રહેશે.

સદર પોર્ટલ ઓપન કરવામાં આવેલ છે તથા તમામ સૂચનાઓ ડિઝીટલ ગુજરાત પોર્ટલ પર આપવામાં આવેલ છે. જેથી નિયત સમય મર્યાદામાં પોતાની શાળાના સબંધિત વિધાર્થીઓના ફોર્મ ભરાઈ જાય તેની શાળાના આચાર્યશ્રીએ તકેદારી રાખવાની રહેશે.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, ગાંધીનગર

બિડાણ: 1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એસસીએચ/1116/539/છ , તા.14/08/2017
2. આપના જિલ્લાની શાળા વાઈઝ ધોરણ-10 એસ.એસ.સી.નાં વિદ્યાર્થીઓની યાદી.